# બી.એ.પી.એસ. સ્વામિનારાયણ સંસ્થા

**બાળ સત્સંગ પરીક્ષા કાર્યાલય**

**બાળ - ૨ : પ્રેક્ટિસ પેપર - ૨**

**જવાબપત્ર - ૨**

**સમય : ૨ કલાક**
**કુલ ગુણ : ૧૦૦**

**પ્ર.૧ કૌંસમાં આપેલા શબ્દોમાંથી યોગ્ય શબ્દ પસંદ કરી ખાલી જગ્યા પૂરો.** **[૧૦]**

**વિભાગ-અ**

**(તેર, જૂનાગઢ, ૧૮૮૬, ગોદડી, ગોંડલ, સાત)**

**૧.** સંવત **૧૮૮૬** જેઠ સુદ દશમે મહારાજે શરીરનો ત્યાગ કર્યો.

**૨.** ખંભાતમાં સવારી વખતે સ્વામી **ગોદડી** ઓઢીને બેઠા હતા.

**૩.** દૂબળી ભટ્ટના **તેર** દોકડાથી મહારાજે ગોપીનાથજીની જે બોલાવી.

**૪.** મહારાજે ગુણાતીતાનંદ સ્વામીને **જૂનાગઢ** મંદિરના મહંત બનાવ્યા.

**૫.** ઝીણાભાઇને મહારાજ **સાત** વખત ભેટ્યા.

**વિભાગ-બ**

**(શાસ્ત્રીજી મહારાજ, મૂળ અક્ષર, ઘરમંદિર, પ્રમુખસ્વામી મહારાજ, હેતબા, ભાવનગર)**

**૬.** બોચાસણવાસી શ્રી અક્ષરપુરુષોત્તમ સંસ્થાના સ્થાપક **શાસ્ત્રીજી મહારાજ** હતા.

**૭.** ગુણાતીતાનંદ સ્વામી **મૂળ અક્ષર** છે. આ વાત સમજાવવા ભગતજી મહારાજે ઘણા કષ્ટ સહન કર્યા.

**૮.** ઘરને પવિત્ર બનાવવા **ઘરમંદિર** જરૂરી છે.

**૯.** શાસ્ત્રીજી મહારાજના માતાનું નામ **હેતબા** હતું.

**૧૦.** **ભાવનગર** માં યોગીજી મહારાજે ધરાવેલો થાળ મહારાજ જમી ગયા.

**પ્ર.૨ નીચેના આપેલા ખરા વાક્યની સામે '✓' ની નિશાની કરો અને ખોટા વાક્યની સામે 'X' ની નિશાની કરો. [૧૦]**

| | | | |
|---|---|---|---|
| ૧. | બાઇએ ઘઉં જાતે દળ્યા ન હતાં. | ૧. | ✗ |
| ૨. | ગુણાતીત એટલે સત્વગુણ, રજોગુણ, તમોગુણથી પર | ૨. | ✓ |
| ૩. | સ્વામીએ વડતાલ ન જતાં ૨૦ માંદા સાધુઓની સેવા કરી. | ૩. | ✗ |
| ૪. | સુંદરજી સુથાર કચ્છના રાજા હતા. | ૪. | ✗ |
| ૫. | જગજીવને શ્રીફળનો ભોગ આપી યજ્ઞ પૂરો કર્યો. | ૫. | ✗ |
| ૬. | ડુંગર ભક્તને તેમના પિતા મહાભારત અને રામાયણની વાતો કરતાં. | ૬. | ✓ |
| ૭. | યોગીજી મહારાજને બાળકો ગમતા ન હતાં. | ૭. | ✗ |
| ૮. | દરેક ધર્મનું પવિત્ર ચિહ્ન તિલક ચાંદલો છે. | ૮. | ✗ |
| ૯. | મહારાજે આપેલા નિયમથી સગરામનું જીવન બદલાઇ ગયું. | ૯. | ✓ |
| ૧૦. | મહારાજે આપેલી પાઘ ભરૂચમાં અરદેશર કોટવાલના વંશજો પાસે છે. | ૧૦. | ✗ |

**પ્ર.૩ નીચેના પ્રશ્નોના જવાબ માટે સાચો વિકલ્પ પસંદ કરી ચોરસ ખાનામાં જવાબ નંબર લખો. [૪૦]**

૧. ગોંડલના દરબારે સ્વામીને શું આપવાનું નક્કી કર્યુ હતું ?

**(૧) ગરાસની જમીન** (૨) પૈસા (૩) મંદિર — ૧. [૧]

૨. કેટલા વર્ષની ઉંમરે સ્વામી ધામમાં પધાર્યા ?

**(૧) ૮૨** (૨) ૮૫ (૩) ૯૨ — ૨. [૧]

૩. કૂતરાએ બગાડેલો ઓટલો કોણે સાફ કર્યો ?

(૧) દાદાખાચરે **(૨) ઉકાખાચરે** (૩) વાઘાખાચરે — ૩. [૨]

૪. ''હું તમારામાં અખંડ રહ્યો છું'' એમ મહારાજે ગુણાતીતાનંદ સ્વામીને કેટલી વખત કહ્યું ?

(૧) પાંચ વખત (૨) ત્રણ વખત **(૩) એક વખત** — ૪. [૩]

૫. સત્સંગની પહેલી જરૂર કોને છે ?

(૧) ભરવાડને **(૨) પાપીને** (૩) પુણ્યશાળીને — ૫. [૨]

૬. શાંતિલાલને પાર્ષદી દીક્ષા ક્યાં આપી ?

**(૧) અમદાવાદમાં** (૨) ગોંડલમાં (૩) બોચાસણમાં — ૬. [૧]

૭. દાદાખાચરે ગઢડાનો ગરાસ કોના નામે કરી દીધો ?

(૧) મહારાજના **(૨) બહેનોના** (૩) સંતોના — ૭. [૨]

૮. શાંતિલાલ ક્યાંની હાઇસ્કૂલમાં ભણતા ?

**(૧) પાદરાની** (૨) ચાણસદની (૩) વડોદરાની — ૮. [૧]

૯. ભાદરા ગામ ક્યાં આવેલું છે ?

(૧) મહારાષ્ટ્રમાં **(૨) સૌરાષ્ટ્રમાં** (૩) ઉત્તર પ્રદેશમાં — ૯. [૨]

**૧૦.** મહારાજ ગુણાતીતાનંદ સ્વામીને કયા નામથી બોલાવતા ?

(૧) ગુણાતીત (૨) ગુણાતીતાનંદ સ્વામી **(3) ભાદરાવાળા નિર્ગુણાનંદ** **૧૦.** | 3 |

**૧૧.** માલિક કહે તેમ કરવું એ કોનું લક્ષણ છે ?

(૧) સેવકનું **(૨) દાસનું** (૩) મિત્રનું **૧૧.** | ૨ |

**૧૨.** ઝીણાભાઇની નનામીને કોણે કાંધ આપી ?

**(૧) શ્રીજીમહારાજે** (૨) કમળશીભાઈએ (૩) મૂળુભાએ **૧૨.** | ૧ |

**૧૩.** દાદાખાચરને મહારાજે કેટલા મહિને ગરાસ પાછો આપ્યો ?

(૧) છ (૨) દસ **(3) બાર** **૧૩.** | 3 |

**૧૪.** ભગતજી મહારાજનો જન્મ કયા ગામમાં થયો હતો ?

**(૧) મહુવા** (૨) ભાદરા (૩) મહેળાવ **૧૪.** | ૧ |

**૧૫.** ઠોઠ નિશાળિયો કોણ હતો ?

(૧) શ્રવણ **(૨) પાણિનિ** (૩) ધ્રુવ **૧૫** | ૨ |

**૧૬.** ઝીણાભાઈએ કોની સેવા કરી ?

**(૧) કમળશી વાઝા** (૨) સગરામ (૩) દાદાખાચર **૧૬.** | ૧ |

**૧૭.** શાસ્ત્રીજી મહારાજનો જન્મ ક્યાં થયો હતો ?

**(૧) મહેળાવ** (૨) ભાદરા (૩) ધારી **૧૭.** | ૧ |

**૧૮.** મહારાજે ભાદરામાં કયો ઉત્સવ ઉજવ્યો ?

(૧) હોળી (૨) દશેરા **(3) દિવાળી** **૧૮.** | 3 |

**૧૯.** શ્રીજી મહારાજે પત્રમાં કેટલા જણના નામ લખ્યા હતા ?

(૧) ૨૦ **(૨) ૧૮** (૩) ૧૯ **૧૯.** | ૨ |

**૨૦.** વડતાલ ન જતાં સ્વામીએ કોની સેવા કરી ?

(૧) મહારાજ (૨) હરિભક્તો **(3) માંદા સાધુ** **૨૦.** | 3 |

**૨૧.** સુરતમાં સવારીમાં મહારાજે શેમાં બિરાજમાન હતા ?

(૧) હાથી (૨) ઘોડો **(3) માણકી ઘોડી** **૨૧.** | 3 |

**૨૨.** કોના માતા-પિતા અંધ હતા ?

(૧) ધ્રુવના (૨) પ્રહલાદના **(3) શ્રવણના** **૨૨.** | 3 |

**૨૩.** ગુણાતીતાનંદ સ્વામીએ મુંજા સુરુને સમાધિમાં ક્યાં મોકલ્યા ?

(૧) અક્ષરધામમાં (૨) સ્વર્ગમાં **(3) નર્કમાં** **૨૩.** | 3 |

**૨૪.** પ્રહલાદના પિતાનું નામ શું હતું ?

**(૧) હિરણ્યકશ્યપુ** (૨) હિરણ્યાક્ષ (૩) શિશુપાળ **૨૪.** | ૧ |

**૨૫.** ગોપીનાથના મંદિરના બાંધકામમાં ૧૩ પૈસાની સેવા કોણે કરી ?

(૧) દાદાખાચર (૨) મયારામ ભટ્ટ **(3) દુબળી ભટ્ટ** **૨૫.** | 3 |

**૨૬.** ગુણાતીતાનંદ સ્વામીનો જન્મ ક્યારે થયો હતો ?

**(૧) સંવત ૧૮૪૧** (૨) સંવત ૧૮૩૭ (૩) સંવત ૧૮૪૮ **૨૬.** | ૧ |

**૨૭.** એકાદશીનું વ્રત મહિનામાં કેટલીવાર આવે ?

(૧) ચાર (૨) ત્રણ **(૩) બે** **૨૭.** | ૩ |

**૨૮.** ખંભાતમાં સવારી વખતે ગુણાતીતનંદ સ્વામીએ શું ઓઢ્યું હતું ?

(૧) ખેસ (૨) ધોતી **(૩) ગોદડી** **૨૮.** | ૩ |

**૨૯.** શાસ્ત્રીજી મહારાજે સંસ્થાના પ્રમુખ તરીકે કોને નીમ્યા ?

**(૧) શાસ્ત્રી નારાયણસ્વરૂપદાસ** (૨) નારાયણ ચરણદાસ **૨૯.** | ૧ |

(૩) નારાયણ મુનિ

**૩૦.** ક્યા શહેરનાં બે બાળકો સ્વામીશ્રીને નિયમિત દર્શન માટે આવતા ?

(૧) શિકાગો **(૨) ડર્બન** (૩) લંડન **૩૦.** | ૨ |

**૩૧.** મુળજીના પિતાના મત મુજબ ભજન કરવાની ઉંમર કઈ હતી ?

**(૧) ઘડપણ** (૨) બાલ્યાવસ્થા (૩) જુવાની **૩૧.** | ૧ |

**૩૨.** સ્વામીને સવારી માટે ચાંદીની પાલખી કોણે મોકલી ?

(૧) અમદાવાદનો સુબા **(૨) ખંભાતના નવાબ** (૩) કચ્છના રાજા **૩૨.** | ૨ |

**૩૩.** સ્વામીએ ભગુભાઇને પોતાની સાથે ક્યાં આવવા કહ્યું ?

(૧) ગઢડા (૨) બોચાસણ **(૩) વડતાલ** **૩૩.** | ૩ |

**૩૪.** સંસ્કૃત વ્યાકરણ કોણે લખ્યું ?

(૧) શ્રવણ (૨) ધ્રુવ **(૩) પાણીની** **૩૪.** | ૩ |

**૩૫.** જગજીવને યજ્ઞની પુર્ણાહુતિ વખતે શેની આહુતિ આપી ?

(૧) નાળિયેર (૨) ઘી **(૩) બકરી** **૩૫** | ૩ |

**૩૬.** રાજાના કુંવરની જાનમાં એક ગામથી બીજે ગામ કોણ જતું હતું ?

(૧) દાદાખાચર **(૨) સુંદરજી સુતાર** (૩) જગજીવન **૩૬.** | ૨ |

**૩૭.** સ્વામીની સવારી ખંભાતમાં શેના પર નીકળી હતી ?

(૧) પાલખી (૨) હાથી **(૩) સિગરામ** **૩૭.** | ૩ |

**૩૮.** મહારાજ કોના ઘરે દહીં - રોટલો જમ્યાં ?

**(૧) સગરામના** (૨) દુબળી ભટ્ટના (૩) સુરાખાચર **૩૮.** | ૧ |

**૩૯.** ઝીણાભાઈની નનામી ઉપાડવા કોણે મદદ કરી ?

(૧) સાધુઓ (૨) મુક્તાનંદ સ્વામી **(૩) મહારાજ** **૩૯.** | ૩ |

**૪૦.** પ્રમુખસ્વામીના માતાનું નામ શું હતું ?

**(૧) પુરીબા** (૨) દિવાળીબા (૩) ગંગાબા **૪૦.** | ૧ |

**પ્ર.૪ નીચેનાં આપેલા પ્રશ્નોનાં એક થી બે લીટીમાં (ઉત્તર) જવાબ લખો. [૧૦]**

૧. ગોપાળાનંદ સ્વામી ધામમાં ગયા તે પહેલાં તેમણે પ્રાગજી ભક્તને શું કહેલું ?

**જ. ગોપાળાનંદ સ્વામી ધામમાં ગયાં તે પહેલાં તેમણે પ્રાગજી ભક્તને કહ્યું, કે, ''જુનાગઢના જોગી ગુણાતીતાનંદ સ્વામી શ્રીજી મહારાજને રહેવાનું સાક્ષાત્ અક્ષરધામ છે. તું એમની પ્રેમથી સેવા કરી લેજે.''**

૨. શાસ્ત્રીજી મહારાજે કયા કયા ગામમાં મંદિરો બાંધ્યા ?

**જ. શાસ્ત્રીજી મહારાજે પાંચ મંદિરો બાંધ્યા. બોચાસણ, સારંગપુર, ગોંડલ, અટલાદરા અને ગઢડા.**

૩. મુળજી ભક્તને દિક્ષા આપતી વખતે મહારાજ શું બોલ્યા ?

**જ. મહારાજે કહ્યું, ''આજે મારા આ ધામને દીક્ષા આપતાં મને ખૂબ ખૂબ આનંદ થાય છે !''**

૪. ગુણાતીતાનંદ સ્વામી વરસાદમાં નેવાં નીચે શા માટે ઊભા હતા ? તમે કોની રાહ જોતા ઉભા છો ? એવું કોણે પુછ્યું ?

**જ. ગુણાતીતાનંદ સ્વામી વરસાદમાં નેવા નીચે મહારાજના દર્શનની રાહ જોતાં ઉભા હતા. તમે અહીં શા માટે ઉભા છો / તમે અહીં કોની રાહ જોતાં ઉભા છો એવું એમને મુક્તાનંદ સ્વામીએ પૂછ્યું.**

૫. ગુણાતીતાનંદ સ્વામી તેમના મનને અચંચળ / સ્થિર કેવી રીતે રાખતા ?

**જ. ગુણાતીતાનંદ સ્વામી માનતા કે, ''બધો મહારાજનો જ પ્રતાપ છે. મારા મનમાંથી મહારાજની મૂર્તિ એક પળ વાર પણ ખસતી નથી.''**

૬. ધર્મ એટલે શું ?

**જ. ધર્મ એટલે સારું આચરણ.**

૭. દાસના લક્ષણ શું ?

**જ. ''માલિક કહે એમ કરે.'' એ જ દાસના લક્ષણ છે.**

૮. મહારાજના પગમાં પડીને સગરામે શું વિનંતી કરી ?

**જ. મહારાજના પગમાં પડીને સગરામે કહ્યું, ''મહારાજ ! મને સત્સંગમાં લો.''**

૯. શ્રીજી મહારાજ ગુણાતીતાનંદ સ્વામીને ૧૯ વાર શું કામ ભેટ્યાં ?

**જ. સ્વામીએ ૧૯ માંદા સાધુઓની સેવા કરી હતી તેથી મહારાજ ગુણાતીતાનંદ સ્વામીને ૧૯ વાર ભેટ્યાં.**

૧૦. ભગવાને આપણને બે નાના હાથ શું કામ આપ્યા છે ?

**જ. ભગવાને આપણે બે નાના હાથ પ્રભુનાં કાર્ય કરવા માટે આપ્યા છે.**

**પ્ર.૫ નીચેની સ્વામીની વાતો પૂરી કરો.** **[૧૦]**

૧. ડાહ્યો હોય તેને.....

**જ. ડાહ્યો હોય તેને વઢે ત્યારે રાજી થાય ને મૂર્ખ હોય તેને વખાણે ત્યારે રાજી થાય, એમ મહારાજ કહેતા.**

૨. ભગવાન ભજવા હોય.....

**જ. ભગવાન ભજવા હોય તેનાથી બધાની મરજી રાખી શકાય નહીં તેનાથી તો ભગવાનની મરજી સચવાય.**

૩. જો મોટા પુરુષ મળે.....

**જ. જો મોટા પુરુષ મળે તો તેનો સંગ કરવો, નીકર ઊતરતાનો સંગ કરવો જ નહીં.**

૪. સત્ય, હિત અને પ્રિય.....

**જ. સત્ય, હિત અને પ્રિય એવું વચન બોલવું ને ઉપેક્ષારહિત બોલવું પણ આગ્રહથી વચન કહેવું નહીં.**

૫. આ તો ભગવાન.....

**જ. આ તો ભગવાન જેવા સાધુ છે, બાવા કે વૈરાગી નથી.**

**પ્ર.૬ નીચે આપેલ કીર્તન/અષ્ટક/શ્લોકની ખૂટતી કડીઓ પૂરી કરો.** **[૧૦]**

૧. સ્વીકારી લ્યો સ્વીકારી લ્યો, ......... હૃદય અમારાં...

**જ. સ્વીકારી લ્યો સ્વીકારી લ્યો, વંદન આજ અમારાં**
**અમે બાળક છીએ તમારાં, સ્વામી બાળક છીએ તમારાં.**
**નથી અમારી પાસે હો ભગવન, જાત જાતનાં ફૂલો(૨)**
**પણ ઉરની બગીઓમાં ખીલ્યાં છે, ભક્તિભાવનાં ફૂલો.**
**એ ફૂલોને માની લેજો (૨) કુમળાં હૃદય અમારાં...અમે**

૨. આચારઃ પરમો ધર્મઃ ......... આચારાત્ કિં ન સાધ્યતે ॥

**જ. આચારઃ પરમો ધર્મઃ આચારઃ પરમં તપઃ ।**
**આચારઃ પરમં જ્ઞાનં આચારાત્ કિં ન સાધ્યતે ॥**

૩. નાના નાના બાળ ......... સત્સંગને દિપાવશું.

**જ. નાના નાના બાળ અમે, મોટા મોટા બોલ,**
**સ્વામી માટે જીવશું અમે એ અમારો કોલ.........૧**
**સેવા કરશું હોંશે હોંશે, સૌને વ્હાલા થાશું,**
**કામ કરશું સારાં સારાં, સત્સંગને દિપાવશું.**

૪. કાજુ કમોદના ......... છે કાઠીયાવાડી.

**જ. કાજુ કમોદના ભાત કર્યા, મેં તો દાળ કરી બહુ સારી,**
**લીંબુ કાકડીના લે જે અથાણાં, કઢી કરી છે કાઠીયાવાડી.**

૫. અન્યથા શરણં ……… રક્ષ ત્વં પુરુષોત્તમ ॥

**જ. અન્યથા શરણં નાસ્તિ ત્વમેવ શરણં મમ ॥**

**તસ્માત્ કારુણ્ય ભાવેન રક્ષ ત્વં પુરુષોત્તમ ॥**

**પ્ર.૭ નીચેના કોઈપણ એક વિષય પર ટૂંકનોંધ લખો. (૧૦ થી ૧૨ લીટીમાં) [૧૦]**

**૧.** શ્રવણની પ્રાર્થના લખો અને તે માતા-પિતાની કઈ કઈ સેવાઓ કરતો ?

**૨.** ‘ચપટી દી ખોબો ભરવાની વિદ્યા’ આનો અર્થ યોગીજી મહારાજ સું કરતાં ? / કેવી રીતે સમજાવતાં ?

**૩.** આપણાં સંતોના નિયમો